જન્મદિને વધામણી

જે સી શાહ
ફોન : ૨૩૨૨૩૬૯૧

છાયાબેન શાહ
મો. ૯૯૨૪૬ ૬૦૯૩૫

વિશ્વા મનોજકુમાર પરમાર
મો. ૯૦૩૩૦ ૨૧૩૪૫

રાવિ અશ્વિન પંડ્યા
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



અજીતકુમાર પી જોષી
મો. ૯૯૧૩૨ ૧૩૭૪૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

સાયબર સિક્યોરીટીના અભ્યાસક્રમ માટે

ફૉરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી અને આંધ્રપ્રદેશ સરકાર વચ્ચે એમ.ઓ.યુ.

ગાંધીનગર, તા. ૫

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સીટી, ગાંધીનગરના મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસ અને આંધ્રપ્રદેશ સરકારની ધી આંધ્ર પ્રદેશ ઈલેક્ટ્રોનીક્સ એન્ડ ઈન્ફોર્મેનશ ટેકનોલોજી એજન્સી સાથે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીના આઈ.ટી. એડવાઈઝર અને સ્પેશ્યલ ચીફ સેક્રેટરી જે.એ. ચૌધરી વચ્ચે પી.એસ. પ્રદ્યુમન, આઈ.ટી. સેક્રેટરી, આંધ્રપ્રદેશ સરકારની ઉપસ્થિતિમાં તા. ૩૦ સપ્ટે.ના રોજ વિજયવાડા (આંધ્રપ્રદેશ) ખાતે સમજુતી કરાર સાઈન કરવામાં આવ્યા હતા.

આંધ્રપ્રદેશ સરકાર દ્વારા ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝીટલ ટેકનોલોજીસ (આઈ.આઈ.ડી.ટી.) તીરૂપતી ખાતે સ્થાપના કરવા આયોજન કરી રહેલ છે. આ એમ.ઓ.યુ. દ્વારા ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી અને ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝીટલ ટેકનોલોજીસ (આઈ.આઈ.ડી.ટી.) દ્વારા હાઈ ક્વોલીટી રીસર્ચ, નોલેજ સેરીંગ, સ્ટુડન્ટસ, કોર્પોરેટ અને સરકારના અધિકારીઓના જ્ઞાનના પ્રસાર અને વિકાસ માટે હાથ મીલાવ્યા છે.

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા ફોરેન્સિક, સાયબર સીક્યોરીટી અને ડીઝીટલ ફોરેન્સિક્સમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતુ સંશોધન અને શિક્ષણની તાલીમ આપવામાં આવે છે. આથી આ કરાર દ્વારા આઈ.આઈ.ડી.ટી.ની સાયબર સીક્યોરીટી ઈન્સ્ટીટ્યુશનના વિદ્યાર્થીઓને શિક્ષણ અને તાલીમ પુરી પાડવા માટે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના તજજ્ઞોનો લાભ મળે તે હેતુથી આંધ્રપ્રદેશ સરકારની આંધ્રપ્રદેશ ઈલેક્ટ્રોનીક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એજન્સી સાથે આ કરાર કરવામાં આવેલ છે. આ એમ.ઓ.યુ. દ્વારા કોર્પોરેટ અને સરકારી અધિકારીઓ માટે ટુંકા ગાળાના સર્ટીફિકેટ અને ડીપ્લોમાં ટ્રેનીંગ પ્રોગ્રામ્સ તેમજ ઓન લાઈન પ્રોગ્રામ્સ હાથ ધરવામાં આવશે. બન્ને સંસ્થાઓ દ્વારા ફેકલ્ટી અને સ્ટુડન્ટસની પરસ્પર આપ લે કરવામાં આવશે. સાયબર સીક્યોરીટી, ડીઝીટલ ફોરેન્સિક અને ફાયનાન્સીયલ ફ્રોડ એનાલીટીક્સ/ ફોરેન્સિક એરીયામાં બન્નના સહયોગથી જોઈન્ટ રીસર્ચ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. જીએફએસયુ અને આઈ.આઈ.ડી.ટી. દ્વારા સંયુક્ત રીતે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ડીપ્લોમાં સર્ટીફઈકેટ આપવામાં આવશે.

એમ બી પટેલ સ્કૂલમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે સ્વચ્છતા દિનની ઉજવણી વિષય પર નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ નિબંધ સ્પર્ધામાં શાળાના ધોરણ-૫માં દૃષ્ટિ રોહિત, ધો-૬માં મૈત્રી પારેખ, ધો-૭માં કશિષ શાહ તથા ધો-૮માં વિરલ કુંવરબા વાઘેલા વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીનીઓને આચાર્ય નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા ગીતાબેન પટેલે કર્યું હતું.

દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા વિશ્વ પશુ કલ્યાણ દિવસની ઉજવણી કરાઈ

દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર દ્વારા વિશ્વ પશુ કલ્યાણ દિવસની ઉજવણી નિમિત્તે સામાજિક જાગૃતિ માટે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કુલના ટ્રસ્ટી અપૂર્વ ગોયન્કાએ લીલી ઝંડી આપી રેલીની શરૂઆત કરાવી હતી. નટરાજ સિનેમાથી ઈન્મકટેક્ષ સર્કલ થઈને આ રેલી સરદાર વલ્લભસદન પર અટકી હતી. આ રેલીમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રેલીનો મુખ્ય ઉદ્દેશ છાત્ર શિક્ષાની સાથે સાથે માનવીય ગુણોને પણ શીખે તથા મૂક પશુઓ પ્રતિ દયા અને કરુણાનો ભાવ દૃઢ કરે તે હતો. આ રેલીમાં અમદાવાદના ડેપ્યુટી મેયર પ્રમોદબેન સુતરિયા જોડાયા હતા.

વ્યાયામ મહાવિદ્યાલય, સાદરા ખાતે

ગાંધી જયંતિની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૫

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત વ્યાયામ વિદ્યાલય-સાદરા ખાતે ગાંધી જયંતિ નિમિત્તે વિવિધ કાર્યોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં અખંડ કાંતણ, પ્રભાતફેરી, ગ્રામ સફાઈ, પરિસર સફાઈના વિવિધ કાર્યો કરી મહાત્મા ગાંધીજીને યાદ કર્યા હતા. આ ઉપરાંત ગૌ-સંવર્ધન કેન્દ્ર સાદરાના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે વાર્તાલાપ કર્યો હતો. વાર્તાલાપમાં બાળપણના શરમાળ મોહન, ભણતરમાં મધ્યમ મોહન-મહાત્મા કેવી રીતે બન્યા તે અંગે દક્ષિણ આફ્રિકામાં કરેલા આંદોલન, ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના અંગે, મીઠા સત્યાગ્રહ, દાંડીયાત્રા વગેરે વિશે રસપ્રદ અને વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વિજયભાઈ મકવાણાએ કર્યુ હતુ અને અંતે ડૉ. જગદીશચંદ્ર ગોઠીએ આભારવિધિ કરી હતી.

ચૌધરી ગર્લ્સ બીસીએ કોલેજમાં ઈંગ્લીશ સ્પીકીંગ વિષયે સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (બીસીએ પ્રોગ્રામ)માં વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અવારનવાર સહ અધ્યયન પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. તેમાં શિક્ષણની સાથે સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. બીસીએની વિદ્યાર્થીનીઓને ઈંગ્લિશ સ્પીકિંગ અને સ્ટડી અબ્રોડ વિશે માહિતી મળી રહે તે માટે એડવાઈઝ ઈન્ટરનેશનલમાંથી અનેરી શાહ તથા ધ્રુવ પાંચાલ દ્વારા સેમિનાર યોજાયો હતો. જેમાં તેમણે વિદ્યાર્થીનીઓને ઈંગ્લિશ સુધારવાની વિવિધ રીત જેવી કે બુક, જરનલ અને ન્યુઝ પેપર વાંચવા તથા અબ્રોડ સ્ટડીના ફાયદા જેવા કે પર્સનાલિટી ડેવલોપમેન્ટ, કલ્ચરલ ડેવલોપમેન્ટ, પાર્ટ ટાઈમ અને ફુલટાઈમ વર્ક વિશે માહિતગાર કર્યા હતા. વિવિધ દેશની જુદી જુદી કોલેજના કોર્સ સંદર્ભમાં માહિતી પુરી પાડી હતી. સેમિનારના અંતમાં વિદ્યાર્થીનીઓએ પ્રશ્ન પુછી માહિતી મેળવી હતી. આ સેમિનારના ઈન્ચાર્જ ચૌધરી કોલેજના અધ્યાપિકા સર્વાંગી શાહ હતા. ડાયરેકટર પ્રશાંત વાઘેલા છાશવારે આવા કાર્યક્રમો યોજીને ઉગતા છોડને પાણી સિંચવાનું કાર્ય કરી રહ્યા છે.

ગાંધી જીવન દર્શન વિષે આજે વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૫

રાષ્ટ્રીય કેળવણીના હિમાયતી પૂ. ગાંધીજી સ્થાપિત વિશ્વ વિખ્યાત શિક્ષણ સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત મહાવિદ્યાલય (આર્ટસ કોલેજ) રાંધેજા ખાતે તા. ૬ ઓકટોબર ને ગુરુવારે સાંજના ૪ થી ૬ કલાક દરમિયાન ગાંધી મિત્ર વર્તુળ, ગાંધીનગરના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના 'ગાંધી જીવનદર્શન' વિશે જાહેર વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને મહાત્મા ગાંધીજીની સંક્ષીપ્ત આત્મકથા ભેટમાં પણ અપાશે. કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. રાજેન્દ્ર ખિમાણી ઉપસ્થિત રહેશે તેમ ગાંધી મિત્ર વર્તુળના સહમંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવ્યું છે.

માતૃભાષા અભિયાન દ્વારા અમદાવાદમાં 'દાદા-દાદીનો ઓટલો' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૫

આપણી માતૃભાષા ગુજરાતીના વિકાસ માટે કાર્યરત સંસ્થા "માતૃભાષા અભિયાન" દ્વારા ચલાવતા પ્રકલ્પો પૈકી આપણી જૂની પેઢી પાસે જે જ્ઞાન અને સંસ્કારનો ખજાનો આજની પેઢીને મળે તે હેતુથી દાદા-દાદીનો ઓટલો કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આગામી તા. ૯ ઓક્ટોબરના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન ધો. ૨ થી ૮ સુધીના બાળકો માટે દાદા-દાદીનો ઓટલો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

દર મહિનાના બીજા અને ચોથા રવિવારે પરિમલ ગાર્ડન, શાંતિનિકેતન શાળા-વેજલપુર અને વસ્ત્રાપુર લેક ગાર્ડનમાં આ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વખતે કાર્યક્રમમાં દાદા-દાદીઓ નવરાત્રી મહોત્સવની વાર્તા, ગાંધીજીના જીવન વિષે, આપણા જીવનમાં વૃદ્ધોની મહત્વતા વિષે, ભારતીય સેનાએ બોર્ડર પર કરેલ ઓપરેશન વિષેની પણ માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત પરિમલ ઉદ્યાનમાં જાણીતા સાહિત્યકાર કવિ કૃષ્ણભાઈ દવે પણ બાળગીતો અને કવિતાઓ રજૂ કરશે.

ડાયરેક્ટ સે

ઉમ્મીદ કી છોટી સી કિરણ ભી
ગહનતમ અંધકાર પર
ભારી પડતી હૈ

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
એમ એસ ધોની
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
એમ એસ ધોની
૧૨.૧૫
સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ (હિન્દી)
૫.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૪
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્ક્રીન-૫
એમ એસ ધોની
૧૦.૦૦, ૧.૩૦, ૫.૦૦, ૮.૩૦

એક આનંદ... દેવ આનંદ... લેના હોગા જનમ હમેં કઈ કઈ બાર...

મહેફિલ
સંજય થોરાત

ગાંધીનગર શહેરમાં સાંસ્કૃતિક સંસ્થાઓ અવનવા કાર્યક્રમો આપે છે, એમાં 'સ્વર ગુંજન મ્યુઝિકલ ગ્રૂપ' પ્રથમ વાર જ ખાસ દેવ આનંદના જન્મદિવસ નિમિત્તે એનાં જ ગીતોનો કાર્યક્રમ લઈને આવ્યું. આ કાર્યક્રમની વિશિષ્ટતા એટલે દરેક ગાયક આપણા શહેરના. 'સુપર સિંગર ઑફ ધ સિટી'માં ભાગ લઈ ચૂકેલા આ કલાકારોને એમના સૉલો પરફોર્મન્સ માટે બિરદાવવા જેવા હતા. સંગીતપ્રેમી રશ્મિન મહેતા અને વૉઇસ ઑફ કિશોર - કિશોર પ્રજાપતિએ આ કાર્યક્રમની પરિકલ્પના કરી હતી. ગાંધીનગરના કલાકારોએ 'એક આનંદ દેવ આનંદ' કાર્યક્રમ યોજીને એક જમાનાના યુથ આઈકોન દેવ આનંદની મધુરાંજલિ અર્પી.

દેવ આનંદનાં વિવિધ ગીતો માટે હિમાંશુ પુરોહિત, અતુલ જોશી, કમલેશ આચાર્ય, ભરત ગજ્જર, અર્પિતા ભટ્ટ, નમ્રતા અમીન અને કાર્યક્રમના મુખ્ય ગાયક કિશોર પ્રજાપતિએ પોતાનો અવાજ આપ્યો હતો. સુપર સિંગર ઑફ ધ સિટી સ્પર્ધાના કિડ વિજેતા હરિ ઓમ ગઢવીએ 'હૈ અપના દિલ તો આવારા' સાઉન્ડ ટ્રેક પર ગાઈને પોતાની કલાનો ન માત્ર પરચો આપ્યો પરંતુ વન્સમોરની દાદ પણ મેળવી. એણે વન મોર કરતાં ગુજરાતી ગરબો અને મન મોર બની થનગાટ કરે ગાયું જે હતું જોરદાર પણ દેવ આનંદના આનંદ પર અત્યાચાર જેવું લાગ્યું.

કાર્યક્રમને શુભેચ્છા આપવા માટે ગુડાના ચેરમેન આશિષ દવે, ધારાસભ્ય અશોક પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, બિલ્ડર જગત કારાણી સહિત અનેક મહાનુભાવો પધાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કરતા સંજય જાદવે સરસ કૉમેડી કરી, એમાંય કૂતરાની મિમિક્રી મોજ પમાડી ગઈ. ગાયકોને સંગીતની સંગત પિયુષ બાબરા, પપ્પુ બાબરા, રમેશભાઈ વગેરેએ આપી હતી.

કાર્યક્રમનું અનોખું આકર્ષણ એટલે દેવ આનંદના ડુપ્લીકેટનું લાઈવ પરફોર્મન્સ. કલાકાર અશોક પ્રજાપતિએ દેવ આનંદની અદ્‌ભૂત નકલ કરી બતાવી અને કાર્યક્રમમાં રંગ જમાવી દીધો. આ કાર્યક્રમ બાદ આપણા શહેરનાં કલાકારોને એટલું અવશ્ય શીખવા મળ્યું હશે કે સોલો લાઈવ સ્ટેજ શો કરવો અને એમાં શ્રોતાઓને ખેંચી લાવવા એ કેટલું કપરું કામ છે. કાર્યક્રમ સારો હતો, ઉત્તમ નહીં. પ્રથમ પ્રયત્ન સરાહનીય પરંતુ બીજી વખત શ્રોતાઓને ત્રણ કલાક બેસાડી તાળીઓ મેળવવી હોય તો સખ્ત રિયાઝ અને સારું સંગીત પણ એટલું જ આવશ્યક છે. બાકી શ્રોતાઓ દેવ આનંદના ટોનમાં કહેશે, 'ચૂડી નહીં યહ મેરા દિલ હૈ, દેખો-દેખો ટૂટે ના...'

શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મદિન વિધાનસભા ભવન ખાતે ઉજવાયો

મંગળવારના રોજ ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનો ૧૬૦મો જન્મદિવસ હોવાથી સવારના ૧૧ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલા પોડિયમમાં તેમના તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ દ્વારા પુષ્પાંજલિ અર્પવા માટેનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ઈન્ફોસીટી શાળાના ધોરણ-૯ અને ૧૦ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ તથા એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, વિધાનસભાના અધ્યક્ષ રમણભાઈ વોરા, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના શિક્ષકશ્રીઓ, પ્રિન્સીપાલ, સુપરવાઈઝર તથા વિદ્યાર્થીઓએ પુષ્પાંજલી અર્પણ કરી હતી. ઈન્ફોસિટી સ્કૂલના પ્રદિપભાઈ મોદીએ વિદ્યાર્થીઓને વિધાનસભા વિશે માહિતગાર કર્યા હતા તથા વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષપૂર્વક ઉત્તર આપ્યા હતા.